એલ.સી.બી. ઉંઘતી ઝડપાઈ

# મોડાસામાંથી નાયબ પોલીસ અધિક્ષકે જુગારધામ ઝડપ્યું, ૨ ઝડપાયા, ૩ ફરાર

### જિલ્લા પોલીસ વડા દ્વારા એલ.સી.બી.ની કામગીરી સમીક્ષા જરૂરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

અરવલ્લી એલ.સી.બી. ઉંઘતી રહી અને નાયબ પોલીસ વડા ભરત બસિયાએ મોડાસાના ઘોરીનો ચોક વિસ્તારમાં ચાલતા જુગારધામ ઉપર છાપો મારી રોકડ રકમ, મોબાઈલ સહિત રૂા.૨૧૦૦ની મત્તા સાથે બે જુગારીયાને દબોચી લીધા હતા. જ્યારે ૩ જુગારીયા ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા. છેલ્લા કેટલાક સમયથી એલ.સી.બી. માત્ર વહીવટમાં જ મસ્ત હોય તેવા લોકઆક્ષેપ થઈ રહ્યા છે. આ સંજોગોમાં જિલ્લા પોલીસ વડા દ્વારા એલ.સી.બી.ની કામગીરી સમીક્ષા જરૂરી છે.

જિલ્લામાં અનેક વિસ્તારોમાં દેશી-વિદેશી દારૂનો વેપલો અને જુગારધામ ધમધમવા લાગ્યાં છે. જિલ્લા પોલીસ વડા સંજય ખરાતની નિષ્ઠા સામે પ્રજાને જરા પણ શંકા નથી પરંતુ એલ.સી.બી.ની કામગીરી સામે આવનારા દિવસોમાં જગજાહેર આંગીયો ચિંધાઈ શકે છે. કારણ કે એલ.સી.બી. સાથે ઘરોબો કેળવનારા કેટલાક વહીવટ માટે પંકાયેલા છે. અરવલ્લીના વડામથક મોડાસામાં ઉચ્ચ પોલીસ અધિકારીની હાજરી હોવા છતાં જુગારધામ ધમધમી રહ્યાં છે. આવી અસામાજીક બદીને ડામવાની જવાબદારી એલ.સી. બી.ના શિરે હોવા છતાં અન્ય અધિકારીઓને તપાસ માટે જવું પડે છે તે ઘણું બધું કહી જાય છે. નાયબ પોલીસ વડા ભરત બસિયાને મળેલી બાતમીના આધારે મોડાસાની એફ.યુ.મલેક સ્કુલની સામે જુગાર રમતા જુગારીયાઓને રૂા.૧૧૦૦ની રોકડ રકમ, ૨ મોબાઈલ ફોન સહિત રૂા.૨૧૦૦ની મત્તા સાથે આરોપી સર્ફરાજ કાસમલી અમીરઅલી સૈયદ (રહે. ગુજરાતીવાડા, મોડાસા) અને બાબુભાઈ મહેમુદમીયાં રસુલમીયાં પઠાણ (રહે. એફ.યુ.મલેક સ્કુલની સામે, મોડાસા)ની અટકાયત કરી છે. જ્યારે અન્ય ૩ આરોપી તૌફીક કાદરઅલી સૈયદ (રહે.વાગડ ગોડાઉન, મોડાસા), યુનુસ ઉર્ફે વાંકા બાબુભાઈ ચૌહાણ (રહે. ઘોરીનો ચોક, મોડાસા) અને આરીફ બોમ્બઈયા (રહે.વાગડ ગોડાઉન, મોડાસા) પોલીસના દરોડા દરમ્યાન નાસી છૂટયા હતા.

## તા.૧૧ જુલાઈ : રવિ પુષ્ય સિદ્ધ યોગ, શક્તિની ઉપાસનાનો અવસર

### શનિની પનોતી હોય તેમને વિદ્યાન બ્રાહ્મણો જોડે પૂજા કરાવવી અનિવાર્ય

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

જુલાઈ મહિનો સડસડાટ આગળ વધી રહ્યો છે. ખેડૂત, વેપારીઓ વરસાદની ચાતક નજરે રાહ જોઈ બેઠા છે ત્યારે તા.૧૧ જુલાઈએ રવિ પુષ્ય સિદ્ધ યોગ રચાયો છે. શક્તિની ઉપાસનાનો અવસર હોવાનું જ્યોતિષીઓ જણાવી રહ્યા છે. દરેક ગ્રહોનું અશુભ ફળ મળતું હોય તો દેવી ઉપાસનાથી કષ્ટમાં રાહત થાય છે. ખાસ કરીને શનિની પનોતી હોય તેવા જાતકોને આ દિવસ દરમ્યાન વિદ્યાન બ્રાહ્મણો જોડે પૂંજા કરાવવાથી અંશતઃ રાહત મળી શકે છે.

દર વર્ષે અવનવા સિદ્ધ યોગ સર્જાતા હોય છે પરંતુ કેટલાક જાતકોને તેના શુભ ફળ બને છે, અન્યોને અશુભ મળતા હોય છે. તા.૧૧ જુલાઈ રવિવારે પુષ્ય નક્ષત્ર રવિ પુષ્ય સિદ્ધ યોગમાં ભગવતીની પરમ કૃપા પ્રાપ્ત કરવાનો શુભ દિવસ હોવાનું જ્યોતિષીઓએ જણાવ્યું છે. અષાઢી ગુપ્ત નવરાત્રનો આ સાથે પ્રારંભ થશે. ગુપ્ત નવરાત્ર એટલે શક્તિની ઉપાસનાનો અવસર. યાસ્ત્રોમાં વર્ષ દરમ્યાન ૪ નવરાત્રિનું વિશેષ મહત્વ કહેવામાં આવ્યું છે. ચૈત્રમાં ચૈત્રી, આસોમાં શારદીય, માધ અને અષાઢમાં આવતી નવરાત્રિને ગુપ્ત નવરાત્ર તરીકે ઓળખવામાં આવે છે. ગુપ્ત નવરાત્ર એટલે ઉપાસનાનું પર્વ, ગુપ્ત નવરાત્રમાં દેવી સાધના શ્રેષ્ઠ ફળદાયક છે. ઉપાસના કરવાથી મનુષ્યના જીવનમાં શક્તિ, કાર્યસિદ્ધિ પ્રાપ્ત થાય અને જીવનમાં રહેલી કષ્ટ-પીડાઓ શક્તિ ઉપાસનાથી દૂર કરી શકાય છે. નવરાત્રિ દરમ્યાન ચંડીપાઠ, નવચંડી માતાજીનું પૂંજન, હવન કરાવવામાં આવે તો તેના સારા લાભ મળે છે.

# ખેડબ્રહ્માની હરણાવ નદીમાં ખાણખનિજ વિભાગનો સપાટો

### હીટાચી મશીન સહિત રૂા.૪૦ લાખનો મુદ્દામાલ જપ્ત, ગેરકાયદે ખનિજ ચોરી કરનારાઓમાં ફફડાટ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

ખેડબ્રહ્માની હરણાવ નદીમાં ગેરકાયદેસર ખનિજ ચોરી અટકાવવા માટે સાબરકાંઠા ખાણ ખનિજ વિભાગની ટીમે ગત રોજ



સપાટો બોલાવી નીતિનિયમો વિરૂદ્ધ થઈ રહેલા ખોદકામને અટકાવી હીટાચી મશીન સહિત રૂા.૪૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ભૃગુઋષિ મંદિર પાછળના ભાગે નદી પટમાં ખનિજ ખોદકામ થઈ રહ્યું હતું તે સમયે ટીમ ત્રાટકતાં અન્ય ખનિજ ચોરોમાં ફફડાટ વ્યાપ્યો છે. ખાણખનિજ વિભાગ દ્વારા સ્થળ ઉપર ખનિજ ખોદકામ તેમજ હેરાફેરી માટે ઉપયોગમાં લેવાતા વાહનો જપ્ત કરી પોલીસને સોંપવામાં આવ્યાં છે પરંતુ આ અંગેની હજુ સુધી વિધિવત કોઈ ફરિયાદ પોલીસ દફતરે નોંધાઈ ન હોવાનું જાણવા મળ્યું છે.

જિલ્લામાં બેફામ રીતે ખનિજ ચોરી થઈ રહી છે. નદીમાં અપાયેલ લીઝ કરતાં ગેરકાયદેસર રીતે હજારો ટન રેતી, કાંકરા સહિતનું ખનિજ બારોબાર પગ કરી જતું હોય છે. ખનિજ ચોરીના દૂષણને અટકાવવા માટે વિભાગ દ્વારા પ્રયત્નો કરવામાં આવે ત્યારે ખનિજ ચોરો છાગટા બની અધિકારીઓ ઉપર હુમલા કરતા હોવાના બનાવ અગાઉ સાબરકાંઠામાં નોંધાયેલા છે ત્યાં ખેડબ્રહ્માની હરણાવ નદીમાં રાત-દિવસ થતા ગેરકાયદેસર ખનિજ ખોદકામ અંગે તંત્રને ગત રોજ જાણકારી મળી હતી જેથી સાબરકાંઠા ખાણખનિજ વિભાગના અધિકારીઓ ટીમ સાથે સ્થળ ઉપર પહોંચ્યા હતા જ્યાં નિયમો વિરૂદ્ધ હીટાચી મશીનથી ખોદકામ થઈ રહ્યું હતું. જ્યારે ખોદકામ થયેલ રેતી-કાંકરાનું વહન કરવા માટે નદીના પટમાં ડમ્પર સહિતના વાહનો ગોઠવેલાં હોવાના કારણે અધિકારીઓ દ્વારા તમામ સાધનો જપ્ત કરવામાં આવ્યાં છે. ઓચિંતિ ખાણખનિજ વિભાગે રેડ કરતાં નદીના પટમાં ગેરકાયદેસર રીતે ખનિજ ચોરી કરનારા તત્વો હાલ પૂરતા અદ્રશ્ય થઈ ગયા છે.

# કોરોનાની ત્રીજી લહેર : વાત્રક હોસ્પિટલમાં હંગામીના બદલે કાયમી સ્ટાફની નિયુક્તિ કરો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

કોરોનાની ત્રીજી લહેરનું કાઉન્ટ ડાઉન શરૂ થયું છે. બાફકોને ખુબ ટૂંકા સમયમાં રસીકરણથી આવરી લેવાની જોરશોરથી તૈયારીઓ શરૂ થઈ છે. ત્યારે કોરોનાની પ્રથમ અને બીજી લહેર દરમ્યાન વાત્રક હોસ્પિટલના કારણે વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગને મોટી રાહત જોવા મફી. પરંતુ બીજી લહેર દરમ્યાન હંગામી ઓછા સ્ટાફના કારણે અનેક દર્દીઓએ જીવ ગુમાવ્યા અને વાત્રક હોસ્પિટલની જે રીતે બદનામી થઈ તેનાથી પ્રજામાં રોષ જોવા મળ્યો. કોરોનાની ત્રીજી લહેર માટે વાત્રક હોસ્પિટલમાં પીડીયાટ્રીક વોર્ડની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે ત્યારે રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ અને તંત્ર દ્વારા વાત્રક હોસ્પિટલમાં હંગામીના બદલે કાયમી સ્ટાફની નિયુક્તિ કરવામાં આવે તો છેલ્લી ઘડીએ કોરોનાની કામગીરીમાં અફરા તફરીની સ્થિતિ જોવા ન મફે. સ્થાનિક સ્ટાફને કોરોના વોર્ડમાં ફરજીયાત ડ્યુટી અપાતાં અન્ય રોગના દર્દીઓને હાલાકી પડતી હોય છે.

### છેલ્લી ઘડીએ કોરોનાની કામગીરીમાં સ્થાનિક સ્ટાફને સામેલ કરાતાં અન્ય રોગના દર્દીઓને હાલાકી

રાજ્ય અને ઉત્તર ગુજરાતને એપ્રિલ-મે. મહિનામાં આવેલી કોરોનાની બીજી લહેરે હચમચાવ્યો હતો. પ્રથમ લહેરની જેમ બીજી લહેરને હફવાશથી લેવાનું આરોગ્ય વિભાગને ભારે પડ્યું. દર્દીઓની સંખ્યા એટલી હદે વધી ગઈ કે રેમડેસિવિર ઈન્જેક્શન, ટેબીફ્લ્યુ ટેબલેટ અને ઓક્સિજનની અછતથી કેટલાય દર્દીઓએ જીવ ગુમાવ્યા. હોસ્પિટલોમાં બેડ ખૂટી પડયા. વાત્રક હોસ્પિટલને નામના અપાવવામાં વર્તમાન અને પૂર્વ ટ્રસ્ટી ગણની કામગીરીને બિરદાવવી જોઈએ. દિવસ-રાત જોયા વગર જ્યાંથી મફે ત્યાંથી દાન લાવી હોસ્પિટલને ધબકતી રાખી છે. તમામ પ્રકારના દર્દીઓને સારવાર મફી રહે તે રીતે નિષ્ણાત તબીબોને પણ દર્દીઓની સેવા માટે નિયુક્ત કર્યા હતા પરંતુ કોરોનાનું સંક્રમણ વધ્યું એટલે વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ દ્વારા વાત્રક હોસ્પિટલના માથે મોટી જવાબદારી થોપી દેવામાં આવી. ૪૦ બેડ થી વધારી ૧૨૦ બેડ સુધીની સુવિધા ઉભી કરી પરંતુ હંગામી સ્ટાફના માથે કામગીરી અપાતાં તેમાં અનેક વખત લોક આક્રોશ પણ સામે આવ્યો. આ સંજોગોમાં કોરોનાની ઑગષ્ટ-સપ્ટેમ્બરમાં આવનારી ત્રીજી સંભવિત લહેર બાબતે વૈજ્ઞાનિકોએ ગંભીર ચેતવણી આપી છે. ત્યારે સરકાર અને જિલ્લા તંત્રએ વાત્રક હોસ્પિટલમાં કોરોનાની સારવાર માટે હંગામી નહીં પરંતુ કાયમી સ્ટાફની નિયુક્તિ કરવી જોઈએ. વારંવાર વાત્રક હોસ્પિટલની ખોટી રીતે થતી બદનામી હવે બાયડ તાલુકાની પ્રજા સાંખી નહીં લે. કોરોનાગ્રસ્ત અરવલ્લી, સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદના દર્દીઓને સારવાર આપવાની અને હંગામી સ્ટાફથી હોસ્પિટલ ચલાવવાની તે કેવી રીતે શક્ય બને..?? લોકોનો આક્રોશ એટલી હદે બહાર આવ્યો છે કે બાયડ તાલુકા અને જિલ્લામાં નબફી નેતાગીરીના કારણે વાત્રક હોસ્પિટલને હફ્હફ તો અન્યાય થતો હોવા છતાં કોઈનામાં બોલવાની હિંમત નથી.

# સાબરકાંઠા, અરવલ્લીમાં માસ્કના નિયમનું કડક પાલન કરવા પોલીસનો આદેશ

### જાહેર સ્થળ, યાત્રાધામ ખુલતાં માસ્કનો નિયમ ભૂલાયો..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

રાજ્ય સહિત સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોનાની બીજી લહેર શાંત થઈ છે. ધાર્મિક સ્થળો તેમજ અન્ય પ્રવાસન સ્થળો ઉપર મોટી સંખ્યામાં લોકોની ભીડ એકત્ર થવાની સાથે માસ્કના નિયમનો રીતસરનો છેદ ઉડ્યો છે જેથી રાજયના પોલીસ વડા આશિષ ભાટીયા દ્વારા તમામ ઉચ્ચ પોલીસ અધિકારીઓને માસ્કના નિયમનું કડકાઈથી પાલન કરવા માટે આદેશ કરવામાં આવ્યો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ઘટતાં ફરજીયાત માસ્કનો નિયમ હોંશિયામાં ધકેલાયો છે જેથી હવે પોલીસ માસ્કના નિયમનું કડકાઈથી પાલન કરાવતી નજરે પડી શકે છે.

કોરોનાનું સંક્રમણ ઘટતાં પ્રજા જાણે કે માયાવી રાક્ષસનો દેશવટો થઈ ગયો હોય તેવું માની રહી છે. કોરોનાની બીજી લહેર ઘાતક સાબિત થઈ હતી અને ટપોટપ લોકોના મોતથી આજે પણ અનેક પરિવારોમાં મોતનો માતમ કોરોનાના લીધે જોવા મળી રહ્યો છે પરંતુ સંક્રમણ અંકુશમાં આવ્યા પછી પ્રજા ફીર વહી રફતાર..ની જેમ સરકારી નિયમોનો ઉલાળીયો કરવા લાગી છે જેથી કોરોનાનો રાક્ષસ ફરી દાંત કચકચાવે તેવી દહેશત છે.

સરકાર દ્વારા અનલૉક પછી ધાર્મિક સ્થળો તેમજ પર્યટક સ્થળો ખોલવાની છૂટ અપાયા પછી તમામ સ્થળોએ મુલાકાતીઓની ભીડ ઉમટી રહી છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં હમણાં સુધી સૂમસામ રહેતા યાત્રાધામો અને ફરવા લાયક સ્થળો ઉભરાઈ રહ્યાં હોય તેવી સ્થિતિ છે. રાજ્યના અન્ય જિલ્લાઓમાં પણ આવી જ સ્થિતિ હોવાના કારણે રાજ્યના પોલીસ વડા દ્વારા કોરોનાના જોખમને ધ્યાનમાં લઈ ફરજીયાત માસ્કનું પાલન કરાવવા માટે તમામ જિલ્લાના ઉચ્ચ અધિકારીઓને સૂચના આપવામાં આવી છે. જિલ્લામાં સંભવિત ત્રીજી લહેરની અસર ઘટાડવા માટે બંન્ને જિલ્લાના પોલીસ વડાને યાત્રાધામ અને જાહેર સ્થળો ઉપર માસ્કના નિયમનું કડકાઈથી પાલન કરવા માટે આદેશ આપવામાં આવ્યા છે. પોલીસ વડાએ તાકીદ કરી છે કે પ્રવાસન સ્થળોએ એકત્રિત થતી ભીડમાં માસ્ક વગર ફરતા લોકો સામે તાત્કાલિક ધોરણે દંડાત્મક કાર્યવાહી કરવી આ માટે ખાસ એક્શન પ્લાન તૈયાર કરવા માટે પણ પોલીસ અધિકારીઓને સૂચના અપાઈ છે.

# બાયડમાં પિતાનું છત્ર ગુમાવનારને વળગી જટીલ પીડા, ૧૪ વર્ષની બાળકીને ન્યુરોઝેનિક બ્લેડરની સમસ્યા, ભણતરમાં મુશ્કેલી

### બાયડ પાલિકા કારોબારી અધ્યક્ષની અપીલથી ડૉ. મેહૂલભાઈ શાહ, કેમીસ્ટો સહિત સેવાભાવિઓ મદદે આવ્યા

હિંમતનગર તા.૦૮

બાયડમાં પિતાનું છત્ર ગુમાવનાર ગરીબ પરિવારની ૧૪ વર્ષની બાળકી ન્યુરોઝેનિક બ્લેડરની સમસ્યાથી પીડાઈ રહી છે. ભણતરમાં અસહ્ય મુશ્કેલી સહન કરે છે. ઘરની આર્થિક હાલત ખરાબ હોવાથી નાની ઉંમરમાં મોટી સમજણ દાખવી દરરોજ ૪ ગોળીના બદલે માત્ર ૧ ગોળીથી દિવસ પસાર કરતી. હૃદય દ્રાવક વિગત બાયડ નગરપાલિકા કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલના ધ્યાન ઉપર આવી અને મિત્ર વર્તુળમાં મદદ માટે અપીલ કરતાં ડૉ.મેહુલભાઈ શાહ, કેમીસ્ટો સહિત અનેક સેવાભાવિઓ મદદે આવ્યા છે. અત્યાર સુધીમાં સળંગ ૭ મહિના સુધીની દવા આપવાની દાતાઓએ જાહેરાત કરી છે. આવનારા દિવસોમાં બાળકીને ન્યુરોઝેનિક બ્લેડરની સમસ્યામાંથી બહાર લાવવા માટે સર્જરીની પણ જરૂરીયાત ઉભી થઈ શકે છે.

અનેક ગરીબ પરિવારો પાછળ બિમારી પનોતીની જેમ આવતી હોય છે. બાયડના એક પરિવારની ધો.૮માં અભ્યાસ કરતી દિકરી બિમાર પડી અને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી તે દરમ્યાન તેને ન્યુરોઝેનિક બ્લેડરની સમસ્યા હોવાનું બહાર આવ્યું. આજ કાલ કરતાં ગરીબ પરિવારની બાળકીએ પરિવારની આર્થિક હાલતને સમજીને પૂરેપૂરી સારવારના બદલે અર્ધ સારવારથી પોતાનું જીવન આગળ ધપાવ્યું. ઘરના મોભીનું દુઃખ અવસાન થયું,

આ સમયે બાળકી અસામાન્ય બિમારીનો ભોગ બની હોવાનું જાણવા મળ્યું. ગરીબ પરિવાર દવા સહિત સર્જરીનો બોજ ઉઠાવવા સક્ષમ ન હતું તે પણ જાણવા મળ્યું. ૧૪ વર્ષની ઉંમર અને દિકરીનો અવતાર હોવાથી આવનારા દિવસોમાં સમસ્યા વધુ વિકટ બનશે તે નક્કી હતું. તા.૮ જુલાઈના રોજ સેવાભાવિ સંસ્થાઓના ગૃપમાં ૧૪ વર્ષની દિકરીને મદદ માટે અપીલ કરવામાં આવી અને સૌ પ્રથમ વાત્રક હોસ્પિટલના ફીજીશયન, ગેટવેલ મેડીકલ સેન્ટર-બાયડના ડૉ.મેહૂલભાઈ જે. શાહે દિકરીને સારવાર માટે શક્ય મદદ કરવાની તૈયારી સાથે તાબડતોબ હોસ્પિટલ ઉપર લઈ આવવા જણાવ્યું. તેના તમામ રિપોર્ટ ચકાસ્યા પછી ન્યુરો ફીજીશીયન સાથે વાત પણ કરવામાં આવી અને શક્ય હશે તો આવનારા નજીકના દિવસોમાં સર્જરી માટેનો પણ વિચાર કરવામાં આવશે. પરંતુ તાબડતોબ તેઓએ ૧ મહિના માટેની દવાઓની વ્યવસ્થા અને ભવિષ્યમાં અન્ય મદદ માટે પણ તૈયારી દર્શાવી છે. ત્યારબાદ બાયડના કેમીસ્ટો અને સેવાભાવિઓ અને યુવાનો પણ ન્યુરોઝેનિક બ્લેડરથી પીડીત બાળકીની મદદ માટે આગળ આવ્યા છે.

### ગરીબ પરિવારની બાળકીને મદદ માટે હોડ જામી : કારોબારી અધ્યક્ષ

બાયડ પાલિકા કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલે ન્યુરોઝેનિક બ્લેડરથી પીડીત બાળકીની મદદ કરવા માટે અપીલ કરી અને માત્ર ૩૦ મીનીટમાં મદદ માટે હોડ જામ્યા જેવી સ્થિતિ સામે આવી. ડૉક્ટર ઉપરાંત બાયડના રાધે મેડીકલ સ્ટોર્સ, યમુના મેડીકલ સ્ટોર્સ, ધરતી મેડીકલ સ્ટોર્સ, નવજીવન મેડીકલ સ્ટોર્સ, રણેચીના બિપીન આર. પટેલ, લાઈફ લાઈન મેડીકલ સ્ટોર્સ-તેનપુર, આકાશ બ્રહ્મભટ્ટ-ધનસુરા, અતુલભાઈ ચૌહાણ(એલ.આઈ.સી. ડી.ઓ.), જલદીપ આર. પટેલ(સાબરડેરી) તેમજ લાયન્સ કલબ-બાયડના ઈનકમીંગ પ્રમુખ લા.નરેશચંદ્ર એલ. પરમાર, બાયડ ગામના કત્યાભાઈ(ધર્મેન્દ્ર) પટેલ, પંકજ કે. પ્રજાપતિ(ફાર્માસીસ્ટ-આંબલિયારા પી.એચ.સી.) વગેરે મદદ માટે આગળ આવ્યા છે.

## ધાનેરા નગરપાલિકા પ્રમુખના પતિએ ધાનેરા શિવનગર વિસ્તારની મુલાકાત લીધી, લોકોએ પાણી બાબતે ઉગ્ર રજૂઆત કરી

ધાનેરા નગરપાલિકા પ્રમુખ કિરણબેન સોની ના પતિ સંજયભાઈ અને અને પાલિકા સદસ્ય ગીતાબેન ના પતિ રાયચંદભાઈ વાઘેલા ધ્વરા આજે ધાનેરા ના શિવનગર વિસ્તાર ની મુલાકાત લીધી હતી ત્યારે ત્યાંના લોકો ધ્વરા પાણી બાબતે રજૂઆત કરતા પાણી ની સમસ્યા દૂર કરવા માટે ની ખાતરી આપી હતી ધાનેરા ના શિવનગર વિસ્તાર છેલ્લા ઘણા સમય પીવાનું પાણી ન આવતા લોકો ત્રાહિમામ પોકારીઓ ઉઠ્યા છે ત્યારે લોકો માંગ કરી રહ્યા છે કે પાણી ની સમસ્યા કાયમ માટે દૂર કરવાં આવે અને કાયમી ધોરણે પાણી મળે તેવી માંગ કરી હતી ત્યારે પાણીના પ્રમુખ પતિએ એ પણ શિવનગર ના લોકોને પાણી સમસ્યા કાયમ માટે દૂર કરવા માટે ની ખાતરી આપી હતી

# વરસાદની ખેંચ : પ્રાંતિજ તાલુકામાં ડાંગરની રોપણી ઉપર બ્રેક

### વરસાદ આધારીત ખેતી કરતા ખેડૂતોની માઠી દશા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

ચોમાસુ સીઝનના આરંભે વરસાદ વરસતાં ખેડૂતોએ ઉત્સાહ સાથે ખરીફ પાકના વાવેતરનો ધમધમાટ શરૂ કર્યો પરંતુ હવે વરસાદ વધુ સમય સુધી લંબાયો હોવાના કારણે બિયારણ નિષ્ફળ જવાની ખેડૂતોને ચિંતા સતાવી રહી છે. સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકામાં વર્ષોથી ખેડૂતો ચોમાસા દરમ્યાન ડાંગરનું વાવેતર કરતા હોય છે. આ વખતે વરસાદ વરસતાં ખેડૂતોએ ડાંગરની રોપણી માટે તૈયારીઓ શરૂ કરી હતી પરંતુ ત્યારબાદ વરસાદ વરસ્યો ન હોવાના કારણે તાલુકામાં ડાંગરની રોપણી ઉપર બ્રેક આવી છે.

જિલ્લામાં ખરીફ પાકની સીઝન શરૂ થઈ છે. જૂનના પહેલા પખવાડીયા પછી સત્તાવાર રીતે ચોમાસાની સીઝનનો આરંભ થયો છે. કેટલાક વિસ્તારોમાં સીઝનના આરંભે વરસેલા વરસાદથી ખેડૂતોએ ખરીફ વાવેતરનો ધમધમાટ શરૂ કરી દીધો છે પરંતુ વરસાદે હાથતાળી આપતાં ખેડૂતોના જીવ તાળવે ચોંટ્યા છે. ખાસ કરીને વરસાદ આધારીત ખેતી કરનારા ખેડૂતોની માઠી દશા બેઠી છે. પ્રાંતિજ તાલુકાના ખેડૂતો શાકભાજીના પાકની સાથે દર વર્ષે ચોમાસામાં મોટાપાયે ડાંગરનું વાવેતર કરતા હોય છે જેથી અગાઉ ચોમાસાનો વિધિવત આરંભ થયો છે તેમ માની વરસાદની હાજરીથી ખેડૂતોએ ખેતરોમાં ડાંગરના વાવેતર માટે તૈયારીઓ શરૂ કરી હતી પરંતુ વરસાદ ખેંચાતાં ડાંગરની રોપણી પાછળ ધકેલાઈ છે. કૂવાના પાણીથી ડાંગરની રોપણી કરવી ખેડૂતોને પરવળે તેમ નથી. તેમાંય જે ખેડૂતોએ સિંચાઈનાં પાણી આપી ધરૂવાળીયાં તૈયાર તો કર્યાં પરંતુ વરસાદ ન વરસતાં કાળઝાળ ગરમીના કારણે ખેડૂતો વધુ ચિંતામાં મૂકાયા છે. કેટલાક વિસ્તારોમાં તો આગામી ટૂંક સમયમાં વરસાદ નહીં પડે તો તૈયાર ડાંગરના ધરૂ સૂકાઈ જવાની દહેશત ખેડૂતોને સતાવી રહી છે.

### આખરે હવે ધાનેરા નગરપાલિકા ઊંઘમાંથી જાગી

## કૈલાશ ગોપાલી ને ગેરકાયદેસર રીતે ઉભી કરેલી લિફ્ટ ત્રણ દિવસમાં દૂર કરવા માટેની છેલ્લી નોટીસ ફટકારી

ધાનેરાના શ્રીરામ શોપિંગ સેન્ટરમાં કૈલાસ ગોપાલની હોટલ શિવ પેલેસ, શિવકૃપા સ્વીટ માર્ટ નામની ફરસાણની દુકાન આવેલી છે દુકાન આગળ તેને ગેરકાયદેસર રીતે ખુલ્લી લિફ્ટ ઊભી કરી હતી અને આ લિફ્ટ ગમે ત્યારે તૂટે તો મોટી જાનહાની સર્જી શકે તેમ હતી તે બાબતને લઈને એક અરજદાર દ્વારા ધાનેરા નગરપાલિકામાં રજૂઆત કરાઈ હતી. ધાનેરા નગરપાલિકાના પેટનું પાણી હલતું નથી તે બાદ બનાસકાંઠા જિલ્લા કલેકટર અને કમિશનર ગાંધીનગર સહિત ઉચ્ચ કક્ષાએ રજુઆત કરતા આજે ધાનેરા નગરપાલિકાનું તંત્ર દોડતું થયું હતું અને ત્રણ દિવસમાં લિફ્ટ ખોલી દેવા માટેની છેલ્લી નોટિસ પણ આપી છે ત્યારે હવે જોવાનું એ રહે છે કે અત્યારે તો ધાનેરા નગરપાલિકા એ ત્રણ દિવસમાં લિફ્ટ દૂર કરવા માટેની નોટીસ આપી છે અને આ નોટિસમાં જણાવાયુ કે ત્રણ દિવસમાં જો દૂર કરવામાં નહીં આવે તો નગરપાલિકા દ્વારા દૂર કરવામાં આવશે ત્યારે હવે જોવાનું એ રહે છે કે કૈલાસગોપાલી ત્રણ દિવસમાં પોતાની લિફ્ટ દૂર કરે છે કે પછી નગરપાલિકા કરે છે તે તો આવનારો સમય જ બતાવશે

# ધાનેરા નગરપાલિકાનું વીજ કનેક્શન કાપી દેતા અંધારપટ

ધાનેરા નગરપાલિકા માં કિરણબેન સોનીએ ચાર્જ સંભાળે ને આજે ૧૭ દિવસ થયા છે અને ૧૭ દિવસ બાત આજે વિધુતબોર્ડ દ્વારા ધાનેરા નગરપાલિકાનું વીજ કનેક્શન કાપી દેતા નગરપાલિકામાં અંધારપટ છવાયો છે મીડિયા સાથેની વાતચીતમાં નગરપાલિકા પ્રમુખ કિરણબેન સોનીએ જણાવ્યું હતું કે ચાર્જ સંભાળ્યાના બીજા દિવસે વિધુત બોર્ડ દ્વારા એક કરોડ દસ લાખ રૂપિયા ભરવા માટેની નોટિસ આપવામાં આવી હતી પરંતુ ધાનેરા નગરપાલિકા ની આર્થિક સ્થિતિ સારી ન હોવાના કારણે તેમજ સ્વભંડોળ ન હોવાના કારણે વીજ બિલ ભરાયું ન હતું ત્યારે આજે વીજ કનેકશન કાપી નાખવામાં આવ્યું છે આ બિલ ૧૦ દિવસ નું તો છે નહીં આગળના સમય નું છે તેમ છતાં પણ આજે વીજ કનેક્શન કાપી અમારી મુશ્કેલી માં વધારવામાં આવ્યો છે વીજ કનેક્શન માટે રૂપિયા પાંચ લાખનો ચેક આપવા છતાં પણ વીજ કનેક્શન આપવામાં આવ્યું છે ત્યારે હવે અમે બીજા પણ ૫ લાખ ભરવા તૈયાર છીએ ધાનેરા નગરપાલિકાના સદસ્ય રાયચંદભાઈ વાઘેલાએ જણાવ્યું હતું કે રાજકીય કિન્નાખોરી કરી વીજ કનેક્શન કાપવામાં આવ્યું છે પ્રમુખનો ચાર્જ સંભાળતા થોડા જ દિવસમાં વીજ કનેક્શન કાપી અમને પરેશાન કરવામાં આવી રહ્યા છે જેથી કરીને રાજકીય કિન્નાખોરી કરતા લોકોથી ધાનેરા વાસીઓ હોય ચેતવું જોઈએ અને વધુમાં એ પણ જણાવ્યું હતું કે અમે ગમે તે રીતે વીજ બિલ ભરી કનેક્શન ચાલુ કરાવી દેશું નગર પાલિકા પ્રમુખે ચાર્જ સંભાળ્યા ના થોડા દિવસ બાદ નગરપાલિકામાં વીજ કનેક્શન કપાઈ જતા ધાનેરામાં પણ અનેક સવાલો ઉઠી રહ્યા છે ધાનેરા નગરપાલિકા માં નું એક કરોડ દસ લાખ કરતાં પણ વધુ નું બિલ બાકી છે આ રકમ સાંભળી ધાનેરા ના લોકોની પણ આંખો પહોળી થઈ ગઈ છે ત્યારે હવે જોવાનું એ રહ્યું કે ક્યારે નગરપાલિકા વીજ બિલ ભરે છે અને ક્યારે નગરપાલિકાનું વીજ કનેક્શન શરૂ થાય છે